**રાજકોટનાં મહે.બીજા એડી. જ્યુ. મેજી. (ફ.ક.) ની કોર્ટમાં, મુ:: રાજકોટ**

**ફોજદારી કેસ નં.૨૦૨૪૩/૨૦૨૩**

**આંક–૦૪**

**ફરિયાદીઃ** સરકારશ્રી

વિરુધ્ધ

**આરોપીઃ** **મહેન્દ્રભાઈ ભવરલાલ જોષી રહે.રાજકોટ.**

**ગુન્હોઃ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબ**

**:: ચુકાદો ::**

આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે,સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલા વાળું વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ રાખી ગુન્હો કરેલ હોય,આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૨૮૩ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હાની ફરીયાદ નોંધી,સાહેદોનાં નીવેદનો નોંધી,ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરી,આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૨૮૩ મુજબનાં ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩(સંહીતા)ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.

(૩) આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરસીસ આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુકત કરવાં અરજ કરેલ તેમજ સદર ગુન્હા સબંધે આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હીકકતોને લક્ષમાં લેતાં તેમજ આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસને ધ્યાને લેતા, એવું જણાઈ આવે છે કે,આરોપીની આર્થીક સ્થિતી સારી નથી અને આરોપી સદર ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતાં અને આરોપીની આર્થીક સામાજીક સ્થિતી ધ્યાને લેતા જો આરોપીને દંડ કરીને છોડવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે છે.વધુમાં આરોપીને જો સુધરવાની એક તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનલ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આ કામનાં આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૨૮૩ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/–(રૂપિયા એકસો પુરા)નો દંડ કરવામાં આવે છે.જો આરોપી દંડ ન ભરે તો,તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ તારીખ ૦૯ માહે ડીસેમ્બર સને ૨૦૨૩ નાં રોજ સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો**

રાજકોટ

તા.૦૯/૧૨/૨૦૨૩

(**કુ.વિનતી**)
બીજા એડી.સીવીલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.રાજકોટ.
યુઆઈડી.જીજે૦૧૫૫૦